# <u>પ્રેસનોટ</u>

## હજ કમીટી ઓફ ઈન્ડિયા દ્વારા હજ-૨૦૨૬ (૧૪૪૭ હિજરી) માટે તાલીમ આપનાર (ટ્રેનર્સ)ની પસંદગી માટેની જાહેરાત

ગુજરાત રાજ્ય હજ સમિતિના સચિવશ્રી, આઈ. એમ. ઘાંચી અખબારી યાદીમાં જણાવે છે, કે હજ કમિટી ઓફ ઈન્ડીયા દ્વારા પરિપત્ર ક્રમાંક-૧૨ મુજબ હજ-૨૦૨૬ માટે હજ યાત્રીઓની તાલીમ સુનિશ્ચિત કરવા હજ કમિટી ઓફ ઈન્ડિયાHCoI) તરફથી **ટ્રેનર્સની પસંદગી** માટે ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે.

જેની મુખ્ય લાયકાતમાં **ઉમેદવાર 25-60 વર્ષની વયનાં, ઓછામાં ઓછા 12 પાસ, છેલ્લા ૫ વર્ષમાં હજ યાત્રા કરેલ હોય તેઓને પ્રાથમિકતા, ભાષા અને લોજિસ્ટિક્સ જાણકાર, કમ્પ્યુટર જ્ઞાન તથા હજ સુવિધા એપમાં નિપુણ અને શારીરિક-માનસિક રીતે તંદુરસ્ત હોવા જોઈએ તથા** અન્ય વિગતો **લિન્ક** પર જોઈ શકાશે.

**પસંદગી પ્રક્રિયા**

- **અરજી: માત્ર ઓનલાઈન https://hajcommittee.gov.in પર.**
- **પસંદગી: CBT (૧૦૦ ગુણ) + ઈન્ટરવ્યૂ (૨૦ ગુણ)ના મેરિટ આધારે.**
- **લાયકાત: CBT અને ઈન્ટરવ્યૂમાં બંનેમાં અલગથી ૫૦% ગુણ ફરજિયાત.**
- **CBT વિગતો: ૫૦ MCQ (પ્રત્યેક ૨ ગુણ), ૧ કલાક, કોઈ નેગેટિવ માર્કિંગ નહીં.**

**સંભવિત સમય રેખા:**

| વિગત | સમય રેખા |
|---|---|
| ઓનલાઈન અરજી શરૂ થવાની તારીખ | **07 ઑક્ટોબર, 2025** |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ | **20 ઑક્ટોબર, 2025** |
| CBT પરીક્ષા | **08 નવેમ્બર, 2025** |
| ઈન્ટરવ્યુ | **બીજુ અઠવાડિયું હપ્તો - નવેમ્બર 2025** |
| ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ (મુંબઈ): | **ચોથુ અઠવાડીયુ - નવેમ્બર 2025** |

**નોંધ:**

CBT અને ઈન્ટરવ્યૂ દ્વારા પસંદ કરાયેલા તમામ ટ્રેનર્સે **HCoI દ્વારા આયોજિત ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ**માં ફરજિયાત ભાગ લેવાનો રહેશે. એ ઉપરાંત અન્ય વિગતવાર માહિતી જેમ કે ટ્રેનર્સની ભૂમિકાની વિગતો **લિન્ક** પર જોઈ શકાશે.

---

ક્રમાંક:હજસ-૧૦૨૦૨૫/૨૬-૦૬૧૦-હ.સ.
ગુજરાત રાજય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૦૬-૧૦-૨૦૨૫

(મો. તલ્હા એમ. સૈયદ)
સેકશન અધિકારી,
ગુજરાત રાજય હજ સમિતિ

નકલ રવાના -
- એડિટરશ્રી, ગુજરાત ટુડે, શાહઆલમ, અમદાવાદ, - તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા.